વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

**વંચાણે** : અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ના અધ્યક્ષ સ્થાને તા.૨૦/૦૪/૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે મળેલ બેઠકની કાર્યનોંધ

## પરિપત્ર

**તા.૦૨/૦૫/૨૦૧૮ના રોજ કિસાન કલ્યાણ મહોત્સવ દરમ્યાન કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ પ્રદર્શનમાં સ્ટોલ ગોઠવવા બાબત.**

જયભારત સહ ઉપરોકત વંચાણે લીધેલ પત્રાનુસાર જણાવવાનું કે, રાજય સરકારશ્રી તરફથી આગામી તા.૦૨/૦૫/૨૦૧૮ના રોજ આયોજીત થનાર કિસાન કલ્યાણ મહોત્સવ દરમ્યાન કૃષિ પ્રદર્શન પણ યોજાનાર છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના નીચે દર્શાવેલ વિભાગો/કેન્દ્રોએ કાર્યક્રમના સ્થળે ફાળવવામાં આવનાર એક સ્ટોલમાં જે તે વિસ્તારની નવિન કૃષિ ટેકનોલોજીના પોસ્ટર્સ, જીવંત નમૂનાઓ, રેપ્લીકા, મોડેલ્સ વિ. પ્રદર્શિત કરવાના રહેશે.

| અ.નં. | પ્રદર્શનનું સ્થળ | વિભાગ/કેન્દ્રનું નામ | પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્માનો સંપર્ક નં. |
|---|---|---|---|
| ૧ | ગણદેવી, જિ. નવસારી | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ફળ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, ગણદેવી, જિ.નવસારી | ૭૫૬૭૪૩૦૨૯૦ |
| ૨ | વઘઈ, જિ. ડાંગ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જિ. ડાંગ | ૯૪૨૭૮૬૮૧૪૬ |
| ૩ | ઓલપાડ, જિ. સુરત | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા લાઈન, સુરત | ૯૮૨૫૪૪૨૩૧૮ |
| ૪ | વ્યારા, જિ. તાપી | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા, જિ. તાપી | ૯૪૨૬૮૬૯૦૩૯ |
| ૫ | પારડી, જિ. વલસાડ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક ફળ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયા, તા. પારડી. જિ. વલસાડ | ૯૮૨૫૧૮૬૫૭૧ |
| ૬ | વાગરા, જિ. ભરૂચ | સહ સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ | ૯૪૨૮૪૩૮૨૨૬ |
| ૭ | દેડીયાપાડા, જિ. નર્મદા | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડીયાપાડા, જિ. નર્મદા | ૯૬૬૨૫૩૨૮૭૧ |

સ્ટોલ અને સ્થળ સબંધી વધુ માહિતી માટે જે તે જિલ્લાના પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્માનો સંપર્ક કરવો. સ્ટોલમાં જે તે વિભાગ/કેન્દ્રના બે કૃષિ વૈજ્ઞાનિકોએ ભાગ લઈને ખેડૂતોને માર્ગદર્શન/માહિતી આપવાના રહેશે અને ઉપલબ્ધ કૃષિ સાહિત્ય વિનામૂલ્યે ખેડૂતોને વિત્તરિત કરવાનું રહેશે. સ્ટોલની પ્રદર્શન સામગ્રીનો ખર્ચ જે તે કેન્દ્રના બજેટ સદરે પાડવાનો રહેશે.

ઉપરોકત પરિપત્ર આ કચેરીની નોંધ પર માન. કુલપતિશ્રીની મંજૂરી લઈને બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૪/૨૦૧૮
નવસારી તા. ૨૪/૦૪/૨૦૧૮

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વલસાડ/નવસારી/ડાંગ/તાપી/સુરત/ભરૂચ/નર્મદા.
૩. નિયામકશ્રી, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસરશ્રી, આત્મા, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર
૪. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, વલસાડ/નવસારી/ડાંગ/તાપી/સુરત/ભરૂચ/નર્મદા તરફ જાણ થવા સારું.
૫. કોઠામાં દર્શાવેલ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારું.